





## મોડાસાની ફરસાણ અને મીઠાઈ બનાવતી દુકાનો ઉપર તપાસ

મોડાસા શહેરમા આવેલ ફરસાણ અને મીઠાઈ બનાવતી તથા વેચતી દુકાનો / સ્થળો ઉપર મહેસુલી અધિકારી/કર્મચારીઓ અને ફૂડ સેફ્ટી અધિકારીઓ ની ટીમ બનાવી આકસ્મિક તપાસ કરવામાં આવી. જેમા કેટલીક ફરસાણની દુકાનોમાં ગંદકી જોવા મળી તેને દુર કરવામાટે તાકીદ કરવામાં આવી હતી તથા ફરસાણ અને મીઠાઈ ઢાંકીને રાખવા જરૂરી સૂચનાઓ આપી હતી , જો કોઈ વેપારી નિયમોનું પાલન નકારે તો દંડ વસુલવામાં આવશે તેમ પણ અધિકારીઓ દ્વારા જણાવવામાં અવ્યુ હતું. વિભાગ દ્વારા સેમ્પલ લેવામાં આવ્યા તથા અખાદ્ય સામગ્રીનો નાશ કરવામાં આવ્યો.

### સહકારી પછી સ્થાનિક ગ્રામ પંચાયતો ઉપર ભાજપાની નજર

# સાબરકાંઠા-અરવલ્લીની ૪૯૫ ગ્રામ પંચાયતોમાં બેલેટ પેપરથી મતદાન

### ભાજપા સરપંચ પદ માટે મેન્ડેટ આપશે!!

બાયડ, તા. ૧૭

રાજ્યમાં મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોમાં ડિસેમ્બર-૨૦૨૧ પહેલાં ચૂંટણી યોજાવાની છે. સહકારી માળખામાં ભાજપે મેન્ડેટ આપી ચેરમેન-વા. ચેરમેનની પસંદગી કર્યા પછી હવે ગ્રામ પંચાયતોમાં ભાજપા મજબૂત થવાના ઈરાદે સરપંચ પદ માટે મેન્ડેટ આપી શકે છે. જ્યારે ગ્રામ પંચાયતોમાં મતદાન બેલેટ પેપરથી યોજાઈ શકે છે.

મુખ્ય રાજકીય પક્ષો માટે ગ્રામ પંચાયતોની ચૂંટણી વિધાનસભા ચૂંટણી અગાઉ સેમિફાઈનલ જંગ સમાન બનવાની છે. સાબરકાંઠા-અરવલ્લી વિધાનસભાની કુલ ૭ બેઠકો ઉપર ૪૯૫ ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણી યોજાશે. તે જોતાં વિધાનસભા ક્ષેત્રના ૭૫ ટકા વિસ્તારમાં ગ્રામ પંચાયતોનો ચૂંટણી જંગ છે. જેમાં સરપંચ પોતાનો ટેકેદાર આવે તેવુ ધારાસભ્ય રાજકીય પક્ષો પણ ઈચ્છતા હોય છે. ત્યારે ભાજપા દ્વારા રાજ્યમાં ૧૦ હજારથી વધુ ગ્રામ પંચાયતની ચૂંટણી હોવાથી વિધાનસભા ચૂંટણી અગાઉ જ સેમીફાઈનલ જેવી ગ્રામ પંચાયતોનો ચૂંટણી જંગ જીતી વિધાનસભા ચૂંટણીમાં ૧૫૦+નો મેજીક આંકડો પાર કરવાની અત્યારથી તૈયારી કરી છે.

પરંતુ ભાજપા માટે વારંવાર સરપંચ પદે જીતતા ઉમેદવારો અને અમુક તો ૬૦ વર્ષ સુધીના ઉમેદવારો છે તેમનો ટીકીટ આપવી કે કેમ તે મુદ્દે અવઢવમાં છે. ભાજપા સરપંચ પદે મેન્ડેટ આપશે તો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પણ પોતાના ઉમેદવારો મેદાનમાં ઉતારશે જેથી ગામડાઓમાં સરપંચ પદનો જંગ રસાકસીભર્યો બની શકે છે. મતદાન ઈવીએમ મશીનથી સંભવ નથી તેથી બેલેટ પેપરથી જ યોજાય તેવી શક્યતા વધુ છે.

### મોંઘવારીના પુતળાનુ દહન કરાય તે પહેલા કોંગ્રેસના આગેવાનોને ડીટેઈન કરાયા

પાલનપુર ખાતે બનાસકાંઠા જિલ્લા અને શહેર કોંગ્રેસ દ્વારા મોંઘવારી વિરુદ્ધ મોડી સાંજે દેખાવો યોજવામાં આવ્યો હતો જેમાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો મોંઘવારીના પુતળા નું દહન કરે તે પહેલા તેમની અટકાયત કરવામાં આવી હતી. પાલનપુરના કોઝી વિસ્તારમાં શુક્રવાર ની મોડી સાંજે જિલ્લા અને શહેર કોંગ્રેસ દ્વારા મોઘવારી વિરૂધ્ધ પુતળા દહનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.જેમાં કોંગ્રેસના આગેવાનો પોસ્ટર અને બેનરો સાથે મોઘવારીનો વિરોધ કરી મોઘવારિના પૂતળા દહન કરવાનો કાર્યક્રમ બનાવ્યો હતો પરંતુ પુતળા દહન પૂર્વે જ પોલીસે દેખાવો યોજનાર આગેવાનો અને કાર્યકરોને ડીટેઈન કરવામાં આવ્યા હતા.

# બાયડની ધરતી દહેગામ તાલુકાના ૬૧ ગામના ખેડૂતો માટે ખુશાલીનું નિમિત્ત બની

### ખાત્રીબાના કોષ માટે નર્મદાનું પાણી છોડાયું, લીંબ-તેનપુર-ભુડાસણનાં ખાલી તળાવ ભરાશે

નવરાત્રિના ૯મા નોરતે બાયડની ધરતી દહેગામ તાલુકાના



૬૧ ગામના ખેડૂતો માટે ખુશાલીનું નિમિત્ત બની. ખાત્રીબાને ૧ કોષ દ્વારા સિંચાઈ માટે પાણી આપવાની દાયકા જૂની માંગ રંગ લાવી. યોજના પૂરી થયા પછી દહેગામના ધારાસભ્યએ નર્મદાનું પાણી બાયડ તાલુકાના લીંબ નજીકથી ખાત્રીબાના કોષ માટે છોડ્યું ત્યારે ખુશાલી જોવા મળી. લીંબ, તેનપુર, ભુડાસણ સહિતના ૪ તળાવ પણ નર્મદાના પાણીથી ભરાતાં ખેડૂતોને મહત્તમ લાભ મળશે.

સુજલામ સુફલામ સ્પેડીંગ કેનાલ ઉત્તર ગુજરાતના ખેડૂતો માટે જીવાદોરી સમાન બની ગઈ છે. આ યોજનાથી પ્રેરાઈને બાયડ તાલુકાના પશ્ચિમગાળાના તેનપુર, લીંબ તેમજ દહેગામ તાલુકાના ૬૧ ગામોના ખેડૂતો અને આગેવાનોએ ખાત્રીબા કેનાલ મારફતે સિંચાઈના ૫ ણિ માટે લડત શરુ કરી. સરકારમાં રજૂઆત અને ત્યાર પછી ૧ ગામ હિતરક્ષક સમિતિની રચના થઈ. જેમાં ભાજપ સરકાર અને વિ ભાગના મંત્રીઓએ હકારાત્મક અભિગમ અપનાવતાં ૧૨ કી.મી.ની કેનાલ માટે રુ ૧૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો જેમાં સુજલામ કેનાલ મારફતે નર્મદાનાં પાણી બાયડ તાલુકાના લીંબ ગામ નજીક બનાવવામાં આવેલા આડબંધમાં નાખવામાં આવ્યાં અને ત્યાંથી પાઈપ લાઈન મારફતે ખાત્રીબા કેનાલમાં પાણી છોડાય તો દહેગામ તાલુકાના ૬૧ ગામના ખેડૂતોને સિંચાઈનો લાભ મળી શકે તે પ્રકારે આયો જન થયું. આખરે વર્ષો જૂની માંગ તા.૧૪ ઓક્ટોબરે સંતોષાઈ. દહેગામ ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે ખાત્રીબા કેનાલમાં નર્મદાનાં પાણી છોડી ખેડૂતોની વર્ષો જૂની વ્યથાને દૂર કરવાનો પ્રયાસ કર્યો. લીંબ વિસ્તારના અગ્રણી હિતેન્દ્રસિંહ ચૌહાણે જણાવ્યું કે ખાત્રીબા ય જિના સાકાર થતાં લીંબ, તેનપુર, ભુડાસણ સહિતના કુલ-૪ તળાવોમાં પણ પાણી ઠાલવવામાં આવશે જેના કારણે આસપાસના બોરકૂ વા રીચાર્જ થવાની સાથે ઉનાળા દરમ્યાન મૂંગા પશુઓ માટે પીવાના પાણીની સમસ્યાનો પણ હલ આવ્યો છે.

#### વિભાગના ઈજનેરની કામગીરીની પ્રસંશા કરાઈ

ખાત્રીબા કેનાલમાં નર્મદાનાં પાણી ઠાલવવા માટે ૧૨ કરોડના ખર્ચે યોજના કાર્યવંતિત કરાઈ. યોજના શરુ થઈ ત્યારે પાઈપલાઈ ન નાખ્યા પછી ચોમાસા દરમ્યાન જમીનનું ધોવાણ થયું અને ખેડૂતોમાં રોષ જોવા મળ્યો છતાં પણ વિભાગના ઈજનેર એન.એલ.પરમ રે જરાપણ વિચલિત થયા વગર ખડેપગે રહી ખેડૂતોના પ્રશ્નો દૂર કરવાની સાથે ઝડપથી યોજના સાકાર કરવામાં મહત્વની કામગીરી કર ૧ જેની ઉપસ્થિત ખેડૂતો અને અગ્રણીઓએ પણ નોંધ લીધી હતી.

# ન્યુ બ્રાન્ડેડ સ્વીફ્ટ કારમાં દારૂની હેરાફેરી : મોડાસા ગ્રામ્ય પોલીસે મુલોજ નજીકથી ફિલ્મી ઢબે કારમાંથી ૧.૩૩ લાખનો દારૂ ઝડપ્યો

અરવલ્લી જિલ્લાની આંતરરાજ્ય સરહદનો ગુજરાત રાજ્યમાં વિદેશી દારૂ ઠાલવવા બુટલેગરો દ્વારા વ્યાપક





પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવતો હોવાનું અનેકવાર સાબિત થઈ ચૂક્યું છે અરવલ્લી જીલ્લા પોલીસતંત્રએ મુખ્ય અને અંતરીયાળ માર્ગો પરથી દારૂની હેરાફેરી અટકાવવા રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલીંગ કરી બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવી રહી છે બુટલેગરો વિદેશી દારૂ ઘુસાડવા અંતરીયાળ માર્ગોનો વ્યાપક ઉપયોગ કરી રહ્યા છે મોડાસા રૂરલ પોલીસે મુલોજ નજીક સ્વીફ્ટ કારમાંથી ફિલ્મી ઢબે પીછો કરી ૧.૩૩ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

મોડાસા રૂરલ ઈન્ચાર્જ પીઆઈ એફ.એલ.રાઠોડ અને તેમની ટીમે મુલોજ નજીક પેટ્રોલીંગમાં હતી ત્યારે રાજસ્થાન તરફથી શંકાસ્પદ ઝડપ સાથે ન્યુ સ્વીફ્ટ કાર પસાર થતા પોલીસે કારને અટકાવવા ઈશારો કરતા કાર ચાલકે કાર હંકારી મુકતા પોલીસે પીછો કરતા સ્વીફ્ટ કારના ચાલકે કાબુ ગુમાવતા કાર ખાડામાં ઉતરી પડતા બુટલેગર કાર મૂકી ફરાર થઈ જતા પોલીસે કારમાંથી ૧.૩૩ લાખથી વધુનો વિદેશી દારૂ સાથે ૪.૩૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર કાર ચાલક વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# જિલ્લામાં સિંચાઈ યોજનાના કૌભાંડમાં ગાંધીનગરના અધિકારીઓના હાથ ખરડાયેલા!!

### નવી સરકાર અત્યાર સુધીની ગ્રાન્ટ ફાળવણીની તપાસ કરાવે

હિંમતનગર, તા. ૧૭

જિલ્લામાં સ્ટેટ સિંચાઈ વિભાગમાં ગ્રાન્ટ ફાળવણીની અસમતુલા બહાર આવ્યા પછી કટકી વગર એકને ગોળ બીજાને ખોળ શક્ય નથી જેથી ગુજરાતની નવી સરકાર અને વિભાગના મંત્રી દ્વારા પાછલા ૬ વર્ષમાં બૃહદ સાબરકાંઠાના સ્ટેટ સિંચાઈ વિભાગને ફાળવેલી ગ્રાન્ટ, તેમાં થયેલ કામો, કયા અધિકારીઓ સામે તપાસ છતાં પંચાયત વિભાગમાં બદલી કરી કૌભાંડ છાવરવાનો પ્રયાસ કર્યો તેની તપાસ થાય તો સિંચાઈ યોજનાની ગ્રાન્ટ ફાળવણી-વપરાશના કૌભાંડમાં ગાંધીનગરના અધિકારીઓના પગ નીચે રેલો આવી શકે છે.

જિલ્લામાં કેટલાક અધિકારીઓની નિયુક્તી કૌભાંડ કરવા માટે થઈ હોય તેવું જણાઈ રહ્યુ છે. જિલ્લાના અનેક સિંચાઈ ઈજનેરો કરોડોની સંપત્તિમાં આળોટી રહ્યા છે તે જોતાં હવે સરકાર દ્વારા ડિપાર્ટમેન્ટલ તપાસ શરૂ કરવાનો સમય પાકી ગયો છે. તાજેતરમાં સાબરકાંઠા સ્ટેટ સિંચાઈ વિભાગમાં ગ્રાન્ટ ફાળવણીમાં બેધારી નીતિ પછી જે તમાશા શરૂ થયા તે જોતાં સમગ્ર પ્રકરણમાં રાજ્યના ચીફ ઈજનેરની કચેરી સુધી તપાસ બાદ રેલો પહોંચી શકે છે. ન્યાયીક તપાસ થાય તો આગામી દેવ દિવાળી સુધીમાં કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ-મળતીયા સબ જેલમાં પહોચવાની સંભાવના વધુ છે.

#### ભ્રષ્ટ અધિકારીઓના હિંમતનગર-મહેસાણા ગાંધીનગર-અમદાવાદમાં બંગલા

જિલ્લામાં કેટલાક ભ્રષ્ટ સિંચાઈ અધિકારીઓએ માત્ર કાગળ ઉપર કામગીરી દેખાડી, કેટલીક પાછલા વર્ષની કામગીરીને વર્તમાનમાં દેખાડી લાખ્ખો રૂપીયાનું કૌભાંડ આચર્યાની આશંકા છે. ભ્રષ્ટ અધિકારીઓએ હિંમતનગર-મહેસાણા-ગાંધીનગર-અમદાવાદમાં બંગલા રાખવાની સાથે કેટલીક ડેવલપર સ્કીમોમાં ૭ થી ૩૦ ટકા સુધીની ભાગીદારી કર્યાની ગરમાગરમ લોકચર્ચાએ ફુલગુલાબી ઠંડીના ચમકારામાં ગરમી લાવી દીધી છે.

### ગત રોજ બાળકને મગર ખેંચી ગયો હતો, વન વિભાગનું રેસ્ક્યુ

# પોશીનાના કાળાખેતરાના તળાવમાંથી બાળકના અવશેષ મળ્યા

### મગરના વધતા હુમલાથી પ્રજામાં ભયનો માહોલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

પોશીના તાલુકાના કાળાપેતરા ગામમાં માતા સાથે



બકરાં ચરાવવા ગયેલા ૮ વર્ષના બાળકને તળાવમાં નો મગર ખેંચી જતાં બાળકને બચાવી લેવાના મરણિયા પ્રયાસો નિષ્ફળ રહ્યા. બીજા દિવસે વન વિભાગે રેર્ક્સ હાથ ધરતાં બાળકના છીન્ન ભીન્ન કરાયેલા અવશેષ મળતાં પરિવારજનોએ કરુણ કલ્પાંત કરી મૂક્યું હતું. મગરના વધતા હુમલાથી પ્રજામાં ભયનો માહોલ જોવા મળ્યો છે. પ્રાપ્ત જાણકારી અનુસાર તાલુકાના કાળાખેતરાના તળાવમાં ૭ થી ૮ મગરનો વસવાટ છે અને અગાઉ પણ મગર દ્વારા લોકો ઉપર હું મલાના બનાવ નોંધાયેલા છે. ગત રોજ કાળાખતરા ગામના અનિલ રાજુભાઈ ગમાર (ઉ.૮ વર્ષ)તેની માતા સાથે બકરાં ચરાવવા માટે તળાવ કિનારે ગયો હતો. જ્યાં તળાવના પાણીમાં છૂપાયેલા મગરે એકાએક હુમલો કરી બાળકને તળાવના ઉડા પાણીમાં ખેંચી જતાં નજર સમક્ષ પોતાના બાળકને મગર ઉઠાવી જતાં મહિલાએ બુમરેગ કરી મૂકી હતી. આસપાસથી મદદ માટે આવેલા લોકો અને ત્યાર પછી વન વિભાગની ટીમે બાળકને મગરના સકંજામાંથી બચાવવાના પ્રયાસો માંડી રાત સુધી સફળ રહ્યા ન હતા આખરે વન વિભાગ ની ટીમે જીવની પરવા કર્યા વગર ક્યું હાથ ધર્યું જેમાં બાળકના છીન્ન ભીન્ન થયેલા શરીરના અવશેષ મળી આવતાં વિભાગ દ્વારા પોસ્ટમોર્ટમ માટેની તજવીજ શરુ કરવામાં આવી છે.

#### તળાવમાં મગર છતાં મગર વસાહત જાહેર કરવાનું ભૂલાયું..!!

જિલ્લામાં વન વિભાગ મગર વસાહત વિસ્તારોમાં પ્રજાને સાવચેત કરવાનું ભૂલતાં મગરના હુમલા વધવાની સાથે રક્ષિત જળ ચર પ્રાણીની હત્યાના બનાવ પણ નોંધાયા છે. પોશીના તાલુકાના કાળા ખેતરોમાં મગર ૮ વર્ષના બાળકને પોતાના જડબામાં સમાવી પાણીમાં ગરર્તાવ થઈ જતાં વન વિભાગ દોડતું થયું. ત્યારે આ વિસ્તારને વન વિભાગ મગર વસાહત જાહેર કરી તકેદારીનાં પગલાં ભરે તો આવી દુર્ઘટનાઓ અટકાવી શકાય.

# રબારી સમાજના સર્વાંગી વિકાસ માટે સમાજમાં એકતા અખંડિતતા જળવાય તે જરૂરી છે : કોઠારી શ્રી મુકુંદરાયજી

બાયડ તા.૧૭

આંબલીયારા પરગણા રબારી સમાજ વિકાસ મંડળ દ્વારા પરગણાના ૨૯ ગામોનો પરિચય કરાવતા પરિવાર દર્શન ગ્રંથનું રબારી સમાજની ગુરૂગાદી વડવાળા મંદિર, દુધરેજના કોઠારી મુકુન્દરાયજી, ઝાક મંદિરના મહંતશ્રી ગણેશ દાસજી



મહારાજ,તરભ વાળીનાથ મંદિરના મહંત શ્રી જયરામગીરી મહારાજ, પ્રેમધારા યોગાશ્રમ ચનવાડાના મહંત શ્રી માનસરોવરદાસજી, વડવાળા મંદિર ટીટોડાના મહંતશ્રી લખીરામ મહારાજ, રામજી મંદિર નાંણાના મહંત શ્રી જદુરામ બાપુ તથા જિલ્લા પંચાયત સદસ્ય શ્રીમતી કાળીબેન રબારીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના આંબલીયારા ખાતે લીંબજ માતાજી મંદિર પરિસરમાં પુસ્તક વિમોચનનો ભવ્યાતિભવ્ય સમારોહ યોજાયો હતો. આ પરિવાર દર્શન ગ્રંથમાં રબારી સમાજનો ઈતિહાસ, સંસ્કૃતિ મહિમા, વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ ,ગુરૂગાદીઓ તેમજ આંબલીયારા પરગણાના તમામ ગામોની કૌટુંબિક માહિતી આવરી લેવા આવી છે.

દુધરેજ વડવાળા મંદિરના કોઠારી શ્રી મુકુંદ રાયજીએ જણાવ્યું કે આંબલીયારા પરગણા રબારી સમાજ વિકાસ મંડળ દ્વારા સમાજના શૈક્ષણિક આર્થિક તેમજ સામાજિક વિકાસ માટે રચનાત્મક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે જે અભિનંદનને પાત્ર છે. સમાજ ઉપયોગી પરિવાર દર્શન પુસ્તકથી સમાજમાં એકતા અખંડિતતા શૈક્ષણિક ઉત્કર્ષ યુવા પ્રોત્સાહન સાથે કન્યા કેળવણીનો વ્યાપ વધશે.

વાળીનાથ મંદિર તરભના મહંત શ્રી જયરામગીરી મહારાજે જણાવ્યું કે સમાજમાં શૈક્ષણિક ,આર્થિક તેમજ સામાજીક વિકાસ માટે મંડળ દ્વારા રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે.જે ખરેખર સરાહનીય છે.

સમાજમાં શિક્ષણ વધે અને એમાંય ખાસ કન્યા કેળવણીનો વ્યાપ વધે,સમાજ કુરિવાજોને તિલાંજલિ આપે,સમૂહલગ્નો યોજાય જેથી સમાજ વ્યક્તિગત ખોટા ખર્ચાઓથી બચે અને એ નાણાં સમાજના શૈક્ષણિક કાર્યમાં વપરાય એવા ઉમદા હેતુથી આપે જે સત્કાર્ય આરંભ્યુ છે તે અભિનંદનીય છે. ઝાક વડવાળા મંદિરના મહંતશ્રી ગણેશદાસજી મહારાજે સમાજમાંથી કુરીવાજો નાબૂદ થાય, શિક્ષણની સાથે સમાજના સર્વાંગી વિકાસ માટે આ પુસ્તકથી સમાજમાં એકતા વધુ સુદ્રઢ બનશે એવા આશીર્વાદ આપ્યા હતા

મહંતશ્રી માનસરોવર દાસજી મહારાજે જણાવ્યું કે આંબલિયારા પરગણાએ પરીવાર દર્શન પુસ્તક થકી સામાજિક એકતાના અનેરા દર્શન કરાવ્યા છે.પરગણાનું યુવાનો માટે શૈક્ષણિક સંકુલ બનાવવાનું સ્વપ્ન પણ ઝડપથી સાકાર થશે એવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.